| Published Date: | 3 Aug 2017 | Publication: | Standard Herald |
|---|---|---|---|
| Edition: | Ahmedabad | Page No: | 11 |



# નવરચના સામા, વડોદરા સ્કુલ ટીસીએસ આઈટી વીઝ ની અમદાવાદ આવૃતી ની વિજેતા બની

ટીસીએસ આઈટી વીઝ, ભારતની સૌથી મોટી ઈન્ટર-સ્કુલ ક્વિઝ, જે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, એક અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટીંગ અને બીઝનેશ સોલ્યુશન કંપની દ્વારા આયોજીત, માં અમદાવાદ અને ગુજરાતના બીજા જિલ્લાના જેમાં વડોદરા, અમરેલી (૨૫૯ કી.મી.) અને ભરૂચનો સમાવેશ થાય છે તેમને ભાગ લીધો હતો. ૧૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ મંગળવાર, ૧લી ઓગષ્ટે, પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઓડીટોરીયમ, રાજપથ ક્લબ પાછળ, એસ.જી.હાઈ- વે, અમદાવાદ ખાતે યોજાયેલ ક્વિઝમાં ભાગ લીધો હતો.

ટીસીએસ આઈટી વીઝ હાઈ સ્કુલના વિદ્યાર્થીઓ જે ૮-૧૨માં ભણે છે તેમના માટે હતી. દરેક સંસ્થાને વધુમાં વધુ ૮ ટીમો જેમાં પ્રત્યેકમાં ૨ મેમ્બર હોય છે મોકલવાની પરવાનગી હતી. કોઈ પ્રવેશ ફી ન હતી. આ વર્ષે ટીસીએસ આઈટી વીઝ ૪ વિસ્તારમાં કેન્દ્રિત હતો —ઓટોમેશન, કન્ટેક્સચ્યુઅલ નોલેજ, મશીન લર્નીંગ અને એજાઈલ સાથોસાથ ટીસીએસ પર એક્સક્લુઝીવ રાઉન્ડ. આ ક્વિઝ ફોરમેટે ટેક્નોલોજીક ટ્રેન્ડ પર ધ્યાન આપ્યુ હતું જેને વિશ્વમાં ખુબ જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જે વિદ્યાર્થીઓએ ક્વિઝમાં ભાગ લીધો હતો તેમને તેમના ભવિષ્ય માટે આ ટેક્નોલોજી વિશે સમજવામાં ફાયદો થશે. લેખીત પ્રીલીમ્નરી બાદ ૬ ટોચની ટીમો રીજનલ ફાઈનલ માટે પસંદ કરવામાં આવી હતી.

રીજનલ રાઉન્ડના પાંચ રાઉન્ડના ક્વિઝીંગ પછી નવરચના સામા, વડોદરા સ્કુલના સુજય નિગમ અને સચીન અગ્રવાલ વિજેતા બન્યા હતા. આ વર્ષના રીજનલ વિજેતાને રૂ. ૬૦,૦૦૦ના ગીફ્ટ વાઉચર આપવામાં આવ્યા હતા જ્યારે રનર્સ-અપ સંત કબીર, ડ્રાઈવ-ઈન, અમદાવાદ સ્કુલના જયનીલ પંડ્યા અને દેવર્ષી રાવલ ને રૂ. ૪૦,૦૦૦ના ગીફ્ટ વાઉચર સાથે ખાસ ડિઝાઈન કરેલી ટ્રોફી અને મેડલ આપવામાં આવ્યા હતા. ૬ ફાઈનાલીસ્ટને ટીસીએસ તરફથી ઘણાં બધા ઈનામો જેમાં જીમ બેગ, ઓટીજી પેન ડ્રાઈવ, ઈયરફોન, અને બ્લુટુથ સ્પીકર્સ મળ્યાં હતાં. આ વિજેતા ટીમો તેમના શિક્ષક અથવા માતા-પિતાને મુંબઈ લઈ જવામાં આવશે જ્યાં નેશનલ ફાઈનલ્સ યોજાશે.